સવારે ચા સાંજે અકિલા ન્યુઝ.કોમ






એન. આર. આઈ. સમાચાર

News of Saturday, 4th January, 2014

PDF Email Print

## ''હોલી જોય ક્રિસમસ": ગુજરાતી સમાજ ઓફ USA ના ઉપક્રમે ન્યુજર્સીમાં ''ખ્રિસ્તયરી"સાથે ઉમંગભેર કરાયેલી નાતાલની ઉજવણીઃ પ્રવેશગીત, શાસ્ત્રપાઠો, સ્તુતિગાન સાથે બાળ ઇસુના જન્મને વધાવતા સભ્યોઃ ૫ મહાનુભાવોના હસ્તે ૫ દીવડાનું પ્રાગટયઃ સંગીતના તાલ સાથે ગીતોની રમઝટઃ ટુચકા,કવાલી, ફિલ્મીગીતો,નૃત્ય તથા ગરબા સાથે કરાયેલી ઉજવણી







Most Popular in last 8 days

Read Emailed

- ૭ ફુટ પહોળા નિતંબ ધરાવતી મહિલા
- કેશુભાઇ પરિવર્તન પાર્ટીનું પ્રમુખ પદ ફગાવશે
- માત્ર ૭૦ થી ૭૫ બેઠકો જ મળશે :કોંગ્રેસનો આંતરિક સર્વે
- મોદી PM બનશે તો વિનાશઃ નિવૃત થવા મનમોહનનું એલાન
- ઉગ્ર ચર્ચા બાદ અરવિંદ કેજરીવાલ સરકારે અંતે વિશ્વાસનો મત જીત્યો
- એશિઝ શ્રેણી ફરી બની લોહી લુહાણ, ઇંગ્લેન્ડે ખતરનાક અંદાજમાં લીધો બદલો !
- હાથમાં બ્લેડથી કાપા માર્યા બાદ અર્જૂનદેવસિંહે ગળાફાંસો ખાઇ જિંદગીની દોર કાપી નાંખી
- ઇન્ડિયન મુઝાહિદીનને સુરત ઉપર પરમાણુ બોંબ ઝીંકવો'તો

મુખ્ય સમાચાર

- તામિલનાડુમાં પણ નરેન્દ્ર મોદીની ગુંજ : ખુલશે ૨૦૦ જેટલા 'નમો ટી સ્ટોલ'
- રામદેવજીએ 'રોન' કાઢી : ભાજપ દરેક 'ટેકસ' રદ કરશે તોજ મોદીને સમર્થનઃ કાલે ભાજપ સાથે બેઠક કરશે બાબા
- પ્રેસ કોન્ફરન્સમાં મનમોહન સિંહ સવાલોનો જવાબ ગોખીને આવ્યા હતા!!

વધુ સમાચાર

સમાચાર રાજકોટ

- ગાંધીગ્રામમાં પત્નિ સાથે ઘરમાં બેઠેલા શખ્સને ટપારતાં કાતરથી હુમલો કર્યો
- મોટા મવાની બહુચર્ચિત શ્યામપાર્ક સોસાયટીની કરોડોની જમીન પ્રશ્ને ૪૮ દાવાઓમાં કોર્ટનો મનાઇ હુકમ
-




જંગલેશ્વરમાં ઘર સળગાવવા અંગેના કેસમાં પકડાયેલ ચાર આરોપીનો છુટકારો

વધુ સમાચાર

## સૌરાષ્ટ્ર–કચ્છ

- ભાણવડની તાલુકા શાળા નં.૨માં કોટેચા પરીવાર દ્વારા સ્કૂલ બેગનું વિતરણ
- રાજુલા-જાફરાબાદ-સાવરકુંડલમાં વીજ દરોડાઃ ૧૧૫ ટીમ ત્રાટકી
- ઇર્ષા વધે ત્યારે મોટા મહેલોમાં પણ કોપભવન સર્જાયઃ પૂ.મોરારીબાપુ

વધુ સમાચાર

## સમાચાર ગુજરાત

- નવસારીનાં જલાલપોર નજીક રમતાં-રમતાં પાણી ભરેલા ખાડામાં ડૂબી જવાથી ભાઈ-બહેનનાં મૃત્યુ : પરિવારમાં આક્રંદ
- દેશમાં ખાનગી અને કોર્પોરેટ હોસ્પિટલોમાં જોરદાર લૂંટ છે
- કેન્દ્રના ભાગની ૮૦ ટકા રકમ મળી ન હોવાથી અધ્યાપકોએ સહન કરવું પડે છે : ભૂપેન્દ્રસિંહ

વધુ સમાચાર

## દેશ – વિદેશ

- પ્રેમમાં પડેલી યુવતીઓ માટેભાગે એવુ માને છે કે, તેનો પ્રેમી તેને બધી સાચી જ વાત કહેતો હોય છે
- મક્કામાં ૨૩૦૦ ઇમારતો હટાવાઇ
- આલે..લે... સેન્ડવીચ ખાવા ન મળતા પાયલોટે વિમાન ઉડાડવાની ના પાડી દીધી

વધુ સમાચાર

## એન. આર. આઈ. સમાચાર

- USના દલાસ સ્થિત DFW સિનીયર સીટીઝન સમાજનું ઇલેકશન સંપન્નઃ પ્રેસિડન્ટ તરીકે શ્રી મુકુંદ પટેલઃ સેક્રેટરી શ્રી રમેશભાઇ મનુબારવાલાઃ જોઇન્ટ સેક્રેટરી શ્રી નરેન્દ્ર અમીનઃ તથા ટ્રેઝરર તરીકે સુશ્રી દક્ષાબેન સેવક ચૂંટાઇ આવ્યા
- "હોલી જોય ક્રિસમસ": ગુજરાતી સમાજ ઓફ USA ના ઉપક્રમે ન્યુજર્સીમાં "ખ્રિસ્તયરી"સાથે ઉમંગભેર કરાયેલી નાતાલની ઉજવણીઃ પ્રવેશગીત, શાસ્ત્રપાઠો, સ્તુતિગાન સાથે બાળ ઇસુના જન્મને વધાવતા સભ્યોઃ ૫ મહાનુભાવોના હસ્તે ૫ દીવડાનું પ્રાગટયઃ સંગીતના તાલ સાથે ગીતોની રમઝટઃ ટુચકા,કવાલી, ફિલ્મીગીતો,નૃત્ય તથા ગરબા સાથે કરાયેલી ઉજવણી
- "સત્સંગ સભા": અમેરિકામાં શ્રી સ્વામિનારાયણ મંદિર લોયાધામમાં આજ ૪ જાન્યુ.ના રોજ સાંજે ૫-૩૦ થી ૭-૧૫ દરમિયાન સત્સંગ સભાઃ રાત્રે ૯ થી ૧૦-૩૦ સુધી યુવા સભાઃ ૨૦૧૪ની સાલના આગમનને વધાવતી પ્રથમ સત્સંગ સભામાં ઉમટી પડવા હરિભકતોને પાઠવાયેલું આમંત્રણ

વધુ સમાચાર

## ખેલ જગત

- મહેન્દ્ર સિંહ ધોની વિદેશી ધરતી ઉપર સૌથી નિષ્ફળ કેપ્ટન
- અકસ્માતમાં ઇજા પામેલા માઇકલ સુમાકરે કોમમાં પોતાનો ૪૫મો જન્મદિન પસાર કર્યો
- યુવરાજ કેન્સર જાગૃતિ કેન્સર ચલાવશે

વધુ સમાચાર



(દિપ્તીબેન જાની દ્વારા) ન્યુજર્સીઃ ગુજરાતી કેથલિક સમાજ ઓફ યુએસએ"ના ઉપક્રમે તા. ૨૮ ડીસેમ્બર, ૨૦૧૩ના રોજ ગુજરાતી "ખ્રિસ્તયજ્ઞ" સાથે ક્રિસ્મસ ઉજવણી રાખવામાં આવી હતી. **"Gardian Angeles Chrch", 37 Plainfield Ave, Edison, NJ** ખાતે સાંજના ૫:30 કલાકે ગુજરાતી કેથલિક પરિવારોએ પવિત્ર ખ્રિસ્તયજ્ઞમાં ભક્તિભાવે ભાગ લીધો હતો. વિદ્વાન ફા. સુનિલ મેકવાન અને ફા. ઍન્થનીના વરદ હસ્તે યજ્ઞ અર્પણ વિધિમાં સૂર-તાલ સાથે સમુહમાં પ્રવેશગીત, શાષાપાઠો દરમ્યાન વિષયાનુરૂપ સ્તુતિગાનમાં સૌ ભક્તજનોએ ઉત્સાહથી સહકાર આપ્યો હતો. શાષાવાચન ઉપર ફા. સુનિલ મેકવાને ઇંગ્લીશ અને ગુજરાતીમાં બાળઈસુના જન્મને માનવજાતને અમુલ્ય ભેટ ગણીને ઉદાહરણો સાથે પ્રભુના પ્રેમની ભેટ સ્વીકારવા કહ્યું હતું. પ્રભુની આ ભેટ સમજીને જીવનના કપરા પ્રસંગોમાં પ્રભુને તરછોડવાની ભૂલ ન કરવા અનુરોધ કર્યો હતો.

US Immigration Services

www.immigrationdirect.com

Green Card, Citizenship, Visa Forms Official Immigration Applications

"ખ્રિસ્તયજ્ઞ" સંપન્ન થયા બાદ ચર્ચને જોડતા વિશાળ હોલમાં ક્રિસ્મસ પાર્ટીના કાર્યક્રમમાં સૌ જોડાયા હતા. પરસ્પર હળતાં-મળતાં સૌ પર્વની શુભેચ્છાઓ પાઠવવામાં ખુશ જણાંતાં હતાં. સંસ્થાનાં સભ્ય શ્રીમતિ કોકીલા રસેલે  હોલના રસોડામાં ઉતારેલા ગરમ ગરમ સ્વાદિષ્ટ ગોટા સાથે ચટણી-મરચાં અને  ગરમ ચાની સૌ લિજ્જત માણતાં હતાં. વિશાળ સ્ટેજ પર મ્યુઝીક સીસ્ટમ ગોઠવાતી હતી. બાળકો, યુવક-યુવતિઓ અને યુગલો સાથે વડીલો ખુશખુશાલ હતા. દીપ પ્રાગટ્ય માટે પાંચ દીવડા પાંચ મહાનુભવોના હસ્તે પ્રગટાવતાં  તાળીઓના ગડગડાટથી હોલ ગાજી ઊઠ્યો હતો. પ્રથમ પ્રકાશની જયોત માન.ફા. સુનિલ મેકવાનના હસ્તે, દ્વીતિય જયોત શ્રીમતિ થેરેસ્યાબેન પરમારના હસ્તે, તૃતીય જયોત શ્રીમતિ રેગીનાબેન પરમારના હસ્તે, ચતુર્થ જયોત મુરબ્બી ગેરશોમ ટેલરના હસ્તે અને પંચમ જયોત શ્રીમતિ સપના ગાંધીના હસ્તે પ્રગટાવીને સંસ્થાએ વડીલોને પુષ્પથી સન્માનિત કર્યા હતા.

સંસ્થાના ખાસ મહેમાનો સર્વશ્રી ફા. સુનિલ મેકવાન, Dioces of Metuchen, NJ)ના ફા. એન્થની એરોકિયાડોસ્સ **(Indian & Sri Lankan Apostrolate)**, સીસ્ટર રૂથ બોલાર્ટે **(I. H. M. Director)**નો શ્રી જગદીશ ક્રિશ્ચિયને પરિચય આપીને કાર્યક્રમ માટે ચર્ચ અને હોલ મેળવી આપવા બદલ આભાર માન્યો હતો. ત્યારબાદ કોમ્યુનીટીના મહાનુભવો રેવ. અનિલ પટેલ, ડો. હેમા પરમાર, ગુ. ક્રિ. ફેડરેશન ન્યુ જર્સીના ચેરમેનશ્રી અનિલ મેકવાન, ફિલાડેલ્ફીયા ગુજરાતી ચર્ચના યુવાન કાર્યકર વિપુલ મકવાણાનું સન્માન કરવામાં આવ્યું હતું. મહેમાનોએ વ્યક્તિગત આભાર માનીને સંસ્થાને શુભેચ્છા પાઠવી હતી. ફા. એન્થની મેટાચન, ન્યુ જર્સી ડાયોસીસના એશિયન ડીરેક્ટર તરીકે સભાને શુભેચ્છા પાઠવી હતી માનનીય બિશપ સાહેબ ૨૦૧૪માં સમગ્ર ભારતીય-અમેરિકન કેથલિક પરિવારો માટે ભવ્ય ખ્રિસ્તયજ્ઞાનું આયોજન કરાવાના હોવાની તેમની ઘોષણાને સૌએ ભારે તાળીઓથી વધાવી હતી.

મનોરંજનનો દોર આગળ ચાલતાં કુમારી સલોની અને અલાયના મેકવાને "**Holi joly Christmas**"-ક્રિસ્મસ કેરોલ સોન્ગ રજૂ કરીને સૌની દાદ મેળવી હતી. સંસ્થાના ગાયકવૃંદએ

ફિલ્મ જગત

- લગ્ન માટેની મારી પહેલી પસંદ રણબીર કપૂરઃ દીપિકા
- શાહિદ કપૂરે અભિનય ઉપરાંત હવે ફિલ્મનિર્માતા બનવાનો નિર્ણય કર્યો
- આમિર ખાને ખુલાસો કર્યોઃ અભિનેતા તરીકે મારી કસોટી કરવી હતી

વધુ સમાચાર

‘ક્રિસ્મસ કેરોલ’નાં ગીતો સંભળાવ્યાં હતાં. ગાયકવૃંદમાં સર્વશ્રી રજની અને અમિત મેકવાન, કેતન ક્રિશ્ચિયન, એરિક લિયો અને જોસેફ પરમાર સાથે મહિલાઓમાં ઈલા ક્રિશ્ચિયન, નિલાક્ષી જખાર્યા, પૂર્વી અને માનસી મેકવાને પોતાના કંઠે સ્વર આપીને તાલની સંગત કરી હતી. વાજિંત્રવૃંદમાં કી-બોર્ડ પર સેમ્સન રૂબેન, ડ્રમ અને ઓક્ટોપેડ પર દીપક સીસોદિયા, નેલ્સન નીલ ઢોલક પર, કોંગો પર ડેનિસ પરમાર, રોબીન રાઠોડ ગિટાર પર અને ઢોલક પર અમિત મેકવાન સાથે હાર્મોનિયમ પર જગદીશ ક્રિશ્ચિયને સૂર-તાલનો રંગ જમાવ્યો હતો.

શ્રી સંજય પરમારે રમૂજી ટુચકા સાથે રમૂજી કવ્વાલી રજૂ કરીને સૌને હસાવ્યા હતા. કુ. શર્લિન પરમારે “રંગ દે" ફિલ્મીગીત પર મનોરંજક નૃત્ય રજૂ કરીને સૌની શાબાશી મેળવી હતી. કુ. ક્રિસ્ટીન અને સિડની ક્રિશ્ચિયન સાથે કુ. ઈરેના લિયોએ “ચીંગમ ચબાકે " અને “નગારા સંગ ઢોલ, ગીતો પર દીલધડક નૃત્ય રજૂ કર્યું હતું, જેમાં શ્રી કેતન ક્રિશ્ચિયને ધમાકેદાર એન્ટ્રી મારીને ડાયનેમિક પર્ફોર્મન્સ આપીને સૌને સરપ્રાઈઝ આનંદ પૂરો પાડ્યો હતો. સૌ હાજરજનોએ તાળીઓના ગડગડાટથી હોલને ગજવી દીધો હતો. યુવાન દંપતી પૂર્વી અને અમિત મેકવાને બે ‘ડ્યુએટ’ગીતો “છૂપ ગયે સારે નઝારે"અને “વાદા કર લે સાજના "રોમેન્ટિક મૂડમાં રજૂ કરીને રંગત જમાવી હતી.જયારે રજની મેકવાને “નજરનાં જામ છલકાવીને "ગુજરાતી ગીત અને હિન્દી સોન્ગ “દેખા જો તુજે યાર "અનોખા અંદાજમાં રજૂ કર્યું હતું. નેલ્સન પરમારે કવ્વાલી રજૂ કરીને સભાની દાદ મેળવી હતી.

૭:૩૦થી ૯:૩૦ના સમયમાં મનોરંજન માણીને “બોમ્બે એક્સ્પ્રેસ"ના સ્વાદિષ્ટ ભોજનની સૌએ મઝા માણી હતી. ત્યારબાદ ગરબાનો માહોલ શરૂ થયો હતો. નાતાલના ગરબામાં બાળકો, કિશોર-કિશોરીઓ, યુવા વર્ગ અને બેનો અને ભાઈઓ ઉમંગભેર જોડાયાં હતાં. રજની અને અમિત મેકવાન, મહેશ રોય, કેતન અને જગદીશ ક્રિશ્ચિયન, નોવેલ ક્રિશ્ચિયન અને નિલાક્ષી જખાર્યા ગરબા ગવડાવતા સૌ જોરદાર રીધમમાં ગરબે ઘૂમતાં હતાં. ગરબા ગાવાની શ્રેષ્ઠતા અનુસાર પાંચ વિજેતાઓ પસંદ કરવા નિર્ણાયક તરીકે શ્રીમતી સપનાબેન ગાંધી હતાં પણ કોઈને તેની જાણ નહોતી. ગરબા ‘નોન-સ્ટોપ’ગવાતાં હોલમાં ગરબે ઘૂમનારા અવનવી લચક અને સ્ટાઈલ રજૂ કરતા હતા, તે દર્શકોને પણ આનંદ થતો હતો. ગરબા સાથે દાંડીયાના તાલે ખેલૈયાઓએ મઝા માણી હતી. ગરબા અને દાંડિયારાસ રાતના ૧ વાગ્યા સુધી રમાયા હતા. ત્યાર બાદ ડાન્સ અને ભાંગડા અને સનેડોમાં સૌ મન મૂકીને ભાગ લીધો હતો. ગરબાના પાંચ વિજેતાઓ ઈરેના લિયો, સિડની ક્રિશ્ચિયન, નિલમ પરમાર, રોની મેકવાન અને એરિક ક્રિશ્ચિયનને મુરબ્બી ગેરશોમ ટેલર તરફથી દરેકને રોકડ ઈનામો આપવામાં આવ્યાં હતાં.

શ્રી મહેંદ્ર અને સ્ટેલ્લા પરમારે આ પ્રસંગે સંસ્થાના સ્થાપક અને સામાજિક કાર્યકરશ્રી જોસેફ પરમારની સેવાઓની સરાહના કરતાં શાલ ઓઢાડીને તેઓનું સન્માન કર્યું હતું. શ્રી. કેતન ક્રિશ્ચિયને પ્રેરણાત્મક વિચારો સાથે સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું હતું. હોલની બેઠક વ્યવસ્થા રસોઈ પીરસણ અને હોલ અને કીચનની સફાઇમાં બહેનો-ભાઈઓએ સહકાર આપ્યો હતો. બસો ઉપરાંતની સંખ્યામાં હાજરજનોને સમગ્ર કાર્યક્રમ પ્રશંસનીય લાગ્યો હતો. શ્રી એરિક લિયોએ આભારદર્શન વિધિમાં સૌના સહકારની સરાહના કરી હતી (માહિતી સૌજન્ય: જોસેફ પરમાર, ફોટોગ્રાફી: દિનેશ પરમાર અને વિડીયોગ્રાફી: શ્રી. અશોક રાઠોડ )

(10:59 pm IST)

**Share This News**

**Follow Akilanews.com**

COMMENTS(0) To post your comment please register / login

No comments posted yet.

© 2009 - 2010 All Rights Reserved by Akila Rajkot India.
(Leading Gujarati news paper of Rajkot Gujarat India with Gujarati Audio News)